**DATE: 22/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### કેમી ઓગિકિમ કંપનીની સામે લૂંટ ચલાવી હતી

# ઝઘડિયામાં થયેલી લૂંટના 3 આરોપી વંઠેવાડથી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા જીઆઈડીસીમાં કેમી ઓગકિમ કંપનીની સામે લૂંટના ગુનામાં સંડોવાયેલાં 3 આરોપીને ભરૂચ એલસીબીએ વંઠેવાડ ગામના બસ સ્ટેન્ડ નજીકથી ઝડપી પાડયાં છે.

લોકલ ક્રાઈમ બ્રાન્ચ ભરૂચની ટીમે ઝઘડિયા જીઆઈડીસી માં કેમી ઓર્ગેનિક નામની કંપની સામે થયેલ લુંટના ગુનામાં ફરાર આરોપીઓને ઝડપી પાડયા છે. પીએસઆઈ એમ.એમ.રાઠોડ ટીમ સાથે ઝઘડિયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન મળેલ બાતમીના આધારે ઝઘડિયા જીઆઈડીસી માં થયેલ લુંટના આરોપીઓ વાસુ વસાવા રહે.માલજીપુરા, અજય વસાવા રહે.ડમલાઈ તેમજ શૈલેશ વસાવા રહે.ધારોલીનાઓ વંઠેવાડ ગામની આસપાસ ફરી રહયાં છે. પોલીસે બસ સ્ટેન્ડ નજીકથી વોચ ગોઠવી ત્રણેયને ઝડપી પાડી ઝઘડિયા પોલીસ સ્ટેશનમાં સોપ્યા હતાં.

**DATE: 22/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## કોસંબા પોલીસ આરોપીને શોધી રહી હતી

# નવા દીવા ગામે ઘરે આવેલો બૂટલેગર પોલીસ સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર પોલીસે નવા દિવા ગામે પોતાના ઘરે આવેલાં બુટલેગરને ઝડપી પાડયો છે. આરોપીને કોસંબાની પોલીસ દારૂના ગુનામાં શોધી રહી હતી.

તાજેતરમાં કોસંબા પોલીસે ઝડપી પાડેલાં બુટલેગરની પૂછપરછમાં પાનોલી તથા આસપાસના વિસ્તારમાં ચાલતાં દારૂના નેટવર્કનો પર્દાફાશ થયા બાદ પોલીસ સક્રિય બની ગઇ છે. કોસંબા પોલીસ સ્ટેશનના ગુનામાં ફરાર અને અંકલેશ્વર તાલુકાના નવા દીવા ગામે રહેતાં રોહિત વસાવાને ઝડપી પાડવા માટે કવાયત શરૂ કરવામાં આવી હતી. દરમિયાન આરોપી તેના ઘરે આવ્યો હોવાની માહિતી મળતાં જ પોલીસે દરોડો પાડી તેને ઝડપી પાડયો હતો. બનાવની જાણ કરવામાં આવતાં કોસંબા પોલીસે અંકલેશ્વર પોલીસ પાસેથી આરોપીનો કબજો મેળવ્યો હતો અને વધુ પૂછપરછ માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

**DATE: 23/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### નેત્રંગ પોલીસે બિલોઠા ગામ નજીકથી દારૂ ઝડપી પાડયો

# પોલીસ સ્ટેશનની હદ નક્કી કરવા તલાટીને નકશો લઈ બોલાવ્યાં

ભાસ્કર ન્યૂઝ | નેત્રંગ

ભરૂચ જિલ્લાના બિલોઠા ગામે આવેલાં નિલગીરીના ખેતરમાં સુરતના બુટલેગરે દારૂનો જથ્થો સંતાડયો હોવાની બાતમી મળતાં નેત્રંગ પોલીસે દરોડો પાડયો હતો પણ ગુનો સુરતમાં નોંધવો કે નેત્રંગમાં તેનો વિવાદ થતાં તલાટીને ગામનો નકશો લઈને સ્થળ પર બોલાવવામાં આવ્યો હતો જેમાં સ્થળ ભરૂચ જિલ્લામાં આવતું હોવાનું જણાતા નેત્રંગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

સુરતના ઉંમરપાડાના ટૂંડીના બુટલેગર રમેશ વસાવાએ નીલગીરીના ખેતરોમાં દારૂનો મોટો જથ્થો સંતાડયો હોવાની બાતમી નેત્રંગ પોલીસને મળી હતી. નેત્રંગના બિલોઠી ગામે કંદવાલી ફળિયાની સીમમાં શ્રવણ ચોકડીની સરહદ પર પોલીસ તપાસ માટે પહોંચી હતી. ભરત વસાવાના ખેતરના સેઢા પર નિલગીરીઓ નીચે ઝાડી ઝાંખરાના ઢગલા પોલીસને નજરે પડ્યા હતા. જેને હટાવતા દારૂ અને બિયરની પેટીઓ મળી આવી હતી. દારૂની 2,273 બોટલ અને બિયરના 432 ટીન મળી કુલ 3.61 લાખનો દારૂ કબ્જે કરાયો હતો. પોલીસે દારૂ તો ઝડપી પાડયો હતો પણ હદનો વિવાદ શરૂ થઈ ગયો હતો. ઉમરપાડા અને નેત્રંગ પોલીસ વચ્ચે હદનો પ્રશ્ન ઉપસ્થિત થતાં આખરે તલાટીને સ્થળ પર બોલાવવાનો નિર્ણય લેવાયો હતો. બીલોઠીના તલાટી નકશા અને રેવન્યુ રેકર્ડ લઈ આવી ગયા હતા. સામે ઉંમરપાડા PSI પણ સ્ટાફ સાથે આવી ગયાં હતાં. નકશા અને રેવન્યુ રેકડ પરથી ભરૂચ જિલ્લો લાગતો હોવાનું ફલિત થયા બાદ નેત્રંગ પોલીસે ગુનો નોંધી બુટલેગરને ફરાર જાહેર કર્યો હતો.

### એલસીબીએ વિવિધ સ્થળોએ છાપા માર્યા

# અંકલેશ્વરમાં દારૂના ગુનામાં ફરાર ત્રણ આરોપી ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસની હદમાં દારૂના અડ્ડાઓ ધમધમતાં થયા હતાં જેથી એકશનમાં આવેલી પોલીસે દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો. આ ગુનામાં ગોયા બજાર ખાતે રહેતા શકીર ઉર્ફે જવાની , કસ્બાતીવાડનો આશીફ બાબુ શેખ અને ભાગ્યોદય સોસાયટીનો શાહનવાઝ ઉર્ફે શાનુફરાર હતાં. પોલીસે તેમને ઝડપી પાડવા માટેની કવાયત હાથ ધરી હતી. ભરૂચ એલસીબીને ફરાર આરોપીઓ વિશે માહિતી મળી હતી. એલસીબીએ વિવિધ સ્થળે દરોડા પાડીને ત્રણે આરોપીને ઝડપી પાડયાં હતાં. તમામ આરોપીઓને સ્થાનિક પોલીસના હવાલે કરવામાં આવ્યાં છે. આરોપીઓ કોની પાસેથી દારૂ લાવતાં હતાં અને કોને વેચતા હતાં તથા અત્યાર સુધી કયાં છુપાયા હતાં સહિતની વિગતો પોલીસ મેળવી રહી છે. અવાવરૂ જગ્યાએ દારૂનો જથ્થો આરોપી સંતાડી રાખતાં હતાં.

**DATE: 23/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ચોરીના હોવાની આશંકા સાથે તપાસ શરૂ

# ઉછાલી પાસેથી 33 નળ સાથે યુવાનની અટકાયત

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન ઉછાલી ગામથી એક યુવાન બાઈક ઉપર થેલામાં પાણીના નળ ભરીને વેચવા માટે માંડવા તરફ જનાર હોવાની બાતમી મળી હતી. જેના આધારે માંડવા ગામ પાસે વોચ ગોઠવવામાં આવી હતી. શંકાસ્પદ બાઈક આવતાં તેને અટકાવી પૂછપરછ કરવામાં આવી હતી. જેમાં તેણે પોતે મૂળ ભાવનગર જિલ્લા નો અને હાલ અંકલેશ્વરના નવા કાસીયા ગામે રહેતો ઉમેશ દિયાળ બગડીયા હોવાનું જણાવ્યું હતું. તેની પાસે રહેલાં થેલામાંથી 33 જેટલા નળ મળી આવ્યાં હતાં. પોલીસે નળ અને બાઈક વિશે પૂછપરછ કરતાં તે યોગ્ય જવાબ આપી ન શકતાં તેની અટકાયત કરવામાં આવી છે. રૂપિયા 45 હજારની કિંમત ના નાના મોટા 33 નંગ નળ ,50 હજારની બાઈક ,મોબાઈલ અને રોકડ કુલ રૂપિયા 1 લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરી વધુ પૂછપરછ આરંભી હતી.

**DATE: 23/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**



## વાગરા તાલુકાના સુવા ગામનો બનાવ

# મંદિર પાસે જ જુગારનો અડ્ડો પોલીસના છાપામાં 5 સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વાગરા તાલુકામાં આવેલાં સુવા ગામે આવેલાં સિંધનાથ મહાદેવ મંદીર પાસે બાવળની ઝાડીઓમાં દરોડો પાડી જુગાર રમતાં 5 જણાને ઝડપી પાડ્યાં હતાં.

દહેજ પોલીસ મથકમાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ કિરપાલસિંહને ચોક્કસ બાતમી મળી હતી કે, સુવા ગામે આવેલાં સિંધનાથ મહાદેવ મંદીર પાસે આવેલાં બાવળિયામાં કેટલાંક શખ્સો જુગાર રમે છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. પોલીસનો દરોડો પડતાં જુગારિયાઓમાં દોડધામ મચી હતી. જોકે, ટીમે જુગાર રમતાં સિરાજ અબ્દુલ મલેક, રામસંગ બાબર પરમાર, વિજય મહેજી જાદવ, મહેશ ફતેસંગ ગોહિલ તેમજ મહેશ રાયજી ગોહિલને ઝડપી પાડ્યાં હતાં. ટીમે તેમની અંગઝડતીમાંથી તેમજ દાવપર લાગેલા મળી કુલ 27 હજારથી વધુની રોકડ રકમ તેમજ બે મોબાઈલ સહિત કુલ 28 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

**DATE: 24/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# જોલવા ગામે ગેસ રિફિલિંગ કૌભાંડ ઝડપાયું

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

દહેજ પોલીસ જોલવામાં પેટ્રોલિંગમાં હતી. જે વેળા ફિલટેક્ષ કંપની પાસે જય માતાજી ગેસ રીપેરીંગની દુકાનમાં ગેરકાયદે ગેસ રીફલિંગ કરતા રાજસ્થાની પકડાઈ ગયો હતો. પોલીસે મોટી બોટલમાંથી નાની બોટલમાં જોખમી રીતે ગેસ ભરતા દુકાનદાર મહેન્દ્રસિંગ રાઠોડની ધરપકડ કરી હતી. સાથે જ બે બોટલ, વજન કાંટો અને પાઈપ મળી કુલ રૂપિયા 6400 નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

**DATE: 24/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### 33 નળ સાથે યુવાનને પોલીસે ઝડપી પાડ્યો હતો

# નવા કાસીયાના તસ્કરે ગાર્ડન સિટીના ઘરમાં હાથ અજમાવ્યો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના ઉછાલી ગામ નજીકથી 45 હજારની કિંમતના નળ સાથે ઝડપાયેલાં યુવાને ગાર્ડન સીટીમાં બની રહેલાં બંગલામાંથી નળોની ઉઠાંતરી કરી હોવાનો ખુલાસો થયો છે.

અંકલેશ્વર તાલુકા પોલીસની ટીમે ગત રોજ ઉછાલી ગામ ખાતે પેટ્રોલિંગ દરમિયાન 33 નંગ મોંઘાદાટ નળ સાથે મૂળ ભાવનગરના અને હાલ નવા કાસીયા ગામે રહેતાં ઉમેશ દિયાળ બગડીયાને ઝડપી પાડ્યો હતો. બાઈક સાથે 1 લાખ રૂપિયા ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પોલીસે તેની ઉલટ તપાસ કરતા આરોપીએ આ નળ ગાર્ડન સિટી ખાતે નિર્માણ પામી રહેલા મકાન નંબર એ//10 માંથી ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. પોલીસની ટીમે સ્થળ તપાસ કરતા બંગલામાંથી નળ ગાયબ જણાયા હતાં. મકાનના સુપરવાઈઝર લાલજી કવાડે તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જેના આધારે આરોપીને તાલુકા પોલીસને સોંપવામાં આવ્યો છે.

## અંકલેશ્વરમાં ઘટના બની હતી, અગાઉ 2 ની ધરપકડ થઇ હતી

# ભરૂચના પૂર્વ નગરસેવક પર હુમલો કરનાર 8 મહિને ઝડપાયો

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

ભરુચ નગરપાલિકાના પૂર્વ નગરસેવક અને આપના નેતા મનહર પરમાર પર જીવલેણ હુમલો કરવાના ગુનામાં છેલ્લા 8 માસથી નાસતા ફરતાં આરોપીને અંકલેશ્વર પોલીસે ઝડપી પાડયો છે.

ભરૂચ નગર પાલિકા વોર્ડ 8 ના માજી નગર સેવક અને આપના નેતા મનહર પરમાર ગત 16 સપ્ટેમ્બર 2022ના રોજ અંકલેશ્વરની ગાર્ડન સીટીમાં તેમના મિત્રને મળવા ગયાં હતાં અને રાત્રિના સમયે તેઓ કારમાં ભરૂચ પરત આવી રહયાં હતાં. તે સમયે સામ્રાજ્ય સોસાયટી પાસે અન્ય એક કારે તેમની કારને આંતરી હતી. જેમાંથી અમિત ગોહિલ તેમજ વિશાલ ગોહિલ સહિત અન્ય બે યુવાનો ઉતર્યા હતાં. તેમણે મનહર પરમારને કારમાંથી બહાર ખેંચી કાઢી હથોડીથી જીવલેણ હુમલો કર્યો હતો. આસપાસના લોકો દોડી આવતાં હુમલાખોરો ફરાર થઇ ગયાં હતાં.

આ કેસમાં અગાઉ અંકલેશ્વર શહેર પોલીસે 24 દિવસ બાદ હુમલામાં સંડોવાયેલા જૂની વાડી વસંત મિલની ચાલ ખાતે રહેતા અમિત રામજી ગોહિલ અને મૂળ યુપીના હાલ ભરૂચ ઝાડેશ્વર શ્રીજી સદન ખાતે રહેતા રાહુલ ખંડેલવાલાને ઝડપી પાડ્યા હતા.જ્યારે બે આરોપીઓ પોલીસને ચકમો આપી નાસતા ફરતાં હતાં. હાલમાં પોલીસે ફરાર આરોપી પૈકી વિશાલ રામજી ગોહિલને ઝડપી પાડયો છે. આરોપી છેલ્લા 8 મહિનાથી નાસતો ફરતો હોવાથી તેને કોણે આશરો આપ્યો હતો અને ક્યાં રોકાયો હતો સહિતની વિગતો મેળવવા પોલીસે તેના રીમાન્ડની તજવીજ હાથ ધરી છે.

**DATE: 25/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ડોલર વટાવવાના બહાને અમદાવાદમાં 5.22 લાખની લૂંટ ચલાવી હતી

# અંકલેશ્વરમાં ડ્રાઈવર બની આવેલો સુરેન્દ્રનગરના લીમડીનો લૂંટારુ ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અમદાવાદ સેટેલાઈટ એરિયામાં ગત 18 મી મેના રોજ થયેલ લૂંટનો એક આરોપી અંકલેશ્વરની પ્રતિન ચોકડી વિસ્તારમાં ફરી રહ્યો હોવાના ઈનપુટ ભરૂચ એલસીબી પી.આઈ. ઉત્સવ બારોટને મળ્યાં હતાં. જેના આધારે પોલીસે પીએસઆઈ જે. એન. ભરવાડ તેમજ પી. એમ. વાળાએ તેમની ટીમ સાથે વિસ્તારમાં ચેકિંગ શરૂ કર્યું હતું. દરમિયાનમાં આરોપીના મળેલા વર્ણન આધારે એક શખ્સની ધરપકડ કરી હતી.

## રવિ ફોન કરી લોકોને ફસાવતો હતો

સુરેન્દ્રનગરથી અમદાવાદ પહોંચ્યા બાદ મહિપાલ જે ટોળકી સાથે જોડાયો તે પૈકીનો રવિ અલગ અલગ નંબર પર ફોન કરી ડોલરને રૂપિયામાં બદલવાના હોવાની વાત કરી ભોળવતો હતો. જે પૈકી પહેલાં 3 વ્યક્તિએ હા પાડી હતી. બાદમાં એક વ્યક્તિ તૈયર થતાં તેને બોલાવી 5.22 લાખની લૂંટ ચલાવી હતી.

પુછપરછમાં તેનું નામ મહિપાલસિંહ ઉર્ફે શક્તિ અરવિંદસિંહ ડોડીયા (રહે. લીમડી રેલવે સ્ટેશન, સુરેન્દ્રનગર) હોવાનું માલુમ પડ્યું હતું. પુછપરછમાં માલુમ પડ્યું હતું કે, એક ઈલેક્ટ્રિક કોન્ટ્રાક્ટરનો ડ્રાઈવર હાજર ન હોઈ તેના બદલામાં તેની કારના ડ્રાઈવર તરીકે અંકલેશ્વર આવ્યો હતો. લૂંટ અંગેની પુછપરછ કરવામાં આવતાં તેણે ઉમેર્યું હતું કે, તે જીવન નિર્વાહ માટે રીક્ષા ચલાવતો હતો જોકે, તેમાં સારી કમાણી થતી ન હતી. દરમિયાનમાં તેના મુલંદ ગામના યશેશ ગોંડલિયા નામના મિત્રએ તેને અમદાવાદમાં એક કામ આવ્યું છે જે બાદ તેઓ લીમડી બસ સ્ટેન્ડથી ભેગા થઈ અમદાવાદ પહોંચ્યાં હતાં. જ્યાં મિતેશ તેમજ રવિ નામના શખ્સ સાથે તેની મુલાકાત કરાવી હતી. જે બાદ તેમણે લૂંટની વારદાતે અંજામ આપ્યો હતો. બીજી તરફ અમદાવાદ પોલીસને જાણ કરી હોઈ સેટેલાઈટ પોલીસની ટીમે આવી તેનો કબજો મેળવી અમદાવાદ રવાના થઈ હતી.

**DATE: 25/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ભરૂચ શહેરની કેપિટલ ગેસ્ટહાઉસમાં એસઓજીનું ચેકિંગ

# 259 મુસાફરો પૈકી 101ની એન્ટ્રી કરતાં હોટલ સંચાલક સામે ગુનો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરમાં આવેલાં કેપિટલ ગેસ્ટ હાઉસમાં એસઓજીની ટીમ દ્વારા ઓચિંતું ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં હોટલ સંચાલકે દોઢ મહિનામાં હોટલમાં રોકાયેલાં 259 પૈકી માત્ર 101 મુસાફરોની નોંધણી પોલીસ વિભાગના પથિક સોફ્ટવેરમાં કરી હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. જેના પગલે હોટલ સંચાલક વિરૂદ્ધ સી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

શહેર જિલ્લામાં અસામાજિક તત્વો હોટલ, ગેસ્ટહાઉસ સહિતના આશ્રય સ્થાનોમાં રોકાઈને કોઈ ગુનાઈત કૃત્યને અંજામ આપે તેવી શક્યતાઓ નકારી શકાય તેમ નથી. ત્યારે સરકાર દ્વારા દરેક હોટલ -ગેસ્ટ હાઉસના સંચાલકોને તંત્ર દ્વારા ફળવાયેલાં પથિક સોફ્ટવેરમાં તેમના ત્યાં રોકાતાં મુસાફરોની નોંધણી કરવા માટે જાહેરનામા થકી સુચના આપવામાં આવી છે. ત્યારે ભરૂચ એસઓજીની ટીમે શહેરના કસક વિસ્તારમાં આવેલાં કેપિટલ ગેસ્ટ હાઉસમાં ઓચિંતુ ચેકિગ કરતાં ગત 1 એપ્રિલથી 22મી મે સુધીમાં 259 મુસાફરો રોકાયાં હોવાની ડેટા એન્ટ્રી હોટલના રજિસ્ટરમાં થઇ હતી. જોકે, તે પૈકીના માત્ર 101 મુસાફરોની જ નોંધણી સરકારના પથિક સોફ્ટવેર પર કરવામાં આવી હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. ઘટનાને પગલે એસઓજીની ટીમે હોટલ સંચાલક ઈમ્તિયાઝ સુલેમાન પટેલ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહિ હાથ ધરી છે.

**DATE: 25/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અંકલેશ્વરમાંથી બૂટલેગર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, પ્રતિન ચોકડી નજીક રેલ્વે સ્ટેશન જવાના મુખ્ય માર્ગ પર એક ઈસમ થેલામાં વિદેશી દારૂનો જથ્થો લઈને ઊભો છે. પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂની 16 નંગ બોટલ કિંમત રૂપિયા 1600 સાથે ભરૂચના ધોળીકુઈ વિસ્તારમાં આવેલ મારવાડી ટેકરા ખાતે રહેતા બુટલેગર ધર્મેશ ધીવાલાને ઝડપી પાડ્યો હતો. અંકલેશ્વર પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ આરંભી હતી.

**DATE: 25/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અંકલેશ્વરમાં 32 હજારના દારૂ સાથે બૂટલેગર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબી પોલીસની ટીમને માહિતી મળી હતી કે નવીનગરી ખાતે રહેતા કુખ્યાત બુટલેગર ઈમરાન ઉર્ફે મરઘીએ પોતાના ઘરમાં દારૂ સંતાડયો છે. ઘરમાંથી વિદેશી દારૂની 57 બોટલ મળી આવી હતી. પોલીસે 32 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તાજેતરમાં નવા દિવા તેમજગોયાબાજર કરશનની વાડી વિસ્તાર સહીત 3 સ્થળે ઝડપાયેલાં દારૂ પ્રકરણમાં ઈમરાનનું નામ ખુલ્યું હતું. ઈમરાને આ બુટલેગરોને દારૂ સપ્લાય કર્યો હોવાની વિગતો સપાટી પર આવી છે.

**DATE: 25/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### અંકલેશ્વરની કેમાતુર ચોકડી વિસ્તારમાં ફરતો હતો

# કોસંબા પોલીસને ચકમો આપતો આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

કોસંબા પોલીસ સ્ટેશનમાં દારૂના ગુનામાં ફરાર આરોપીને અંકલેશ્વરથી ઝડપી લેવામાં આવ્યો છે. કોસંબા પોલીસ સ્ટેશનમાં ઝડપાયેલા બુટલેગરોએ પાનોલી તેમજ આસપાસના વિસ્તારમાંથી ચાલતાં દારૂના નેટવર્કનો પર્દાફાશ થયા બાદ ભરૂચ પોલીસે બુટલેગરો પર ઘોંચ વધારી દીધી છે.

અંકલેશ્વર એલસીબીપોલીસ ફરાર આરોપીઓ અને બુટલેગરોને ઝડપી પાડવા કવાયત કરી રહી છે. એલસીબીની ટીમ જીઆઈડીસી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે સમયે કોસંબાના વોન્ટેડ બુટલેગર વિજય પટેલ અંગે બાતમી મળી હતી. પોલીસે કેમાતુર ચોકડી ખાતેથી તેને ઝડપી પાડયો હતો. આરોપીને જીઆઈડીસી પોલીસના હવાલે કરવામાં આવ્યો છે. કોસંબા પોલીસ સ્ટેશનમાં તેની સામે ગુનો નોંધાયેલો છે. આરોપી અંગેની જાણ કરવામાં આવતાં કોસંબા પોલીસે તેનો કબજો મેળવવાની તજવીજ હાથ ધરી છે.

**DATE: 25/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### નબીપુર પોલીસ મથકે સોનીઓની બેઠક મળી : ચોરી, લૂંટ અને ઠગાઇના ગુના રોકવા સતર્ક કરાયાં

# જ્વેલર્સની 33 દુકાનોને સીસીટીવી માટે તાકીદ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

નબીપુર પોલીસ મથકના વિસ્તારમાં આવતાં 33 ગામોના જ્વેલર્સોની એક ખાસ તકેદારી બેઠક ઇન્ચાર્જ પીએસઆઈની અધ્યક્ષતામાં યોજાઇ હતી. જેમાં દરેક જ્વેલર્સને દુકાનમાં સીસીટીવી લગાવવા તેમજ શંકાસ્પદ વ્યક્તિ જણાય તો તુરંત પોલીસનો સંપર્ક કરવા સહિતની સમજણ આપવામાં આવી હતી.

હાલમાં જ્વેલર્સની દુકાનોમાં ચોરી-લૂંટ તેમજ ઠગાઇ સહિતના બનાવો બનવાની ઘટનાઓ સતત સામે આવી રહી છે. ત્યારે આ પ્રકારના બનાવો અટકાવવા માટે નબીપુર પોલીસ મથકના ઇન્ચાર્જ પીએસઆઇ વી. એ. રાણાએ તેમના પોલીસ સ્ટેશનની હદમાં આવતાં 33 ગામમાં સોના-ચાંદીની દુકાન ધરાવતાં સોનીઓ સાથે ખાસ બેઠક યોજી હતી. જેમાં તેમણે જણાવ્યુ હતું કે, દુકાનમાં આવતાં લોકો પૈકી શંકાસ્પદ જણાય તો તે અંગે તુરંત પોલીસને જાણ કરવી, દરેક દુકાનમાં સીસીટીવી લગાવવા તેમજ તેના ફૂટેજ વધુ સમય માટે સ્ટોર રહે તેવું આયોજન રાખવું જેથી કે, બાદમાં કોઇ ગુનો થયો હોય તો ફૂટેજના આધારે આરોપીને ઝડપી શકાય. તે સહિતના સુચનો આપવામાં આવ્યાં હતાં.



### બહાર ગામ જાઓ તો પોલીસને જાણ કરો

દરેક જ્વેલર્સને ખાસ સમજણ આપવમાં આવી હતી કે, તેઓ કોઇ પણ કારણસર લાંબા સમય માટે ક્યાંક બહાર ગામ જવાના હોય તો અગાઉથી પોલીસને જાણ કરવું જરૂરી છે. જેથી કે, રાત્રીના સમયે પોલીસ દ્વારા જે તે જ્વેલર્સની દુકાન પર રાત્રીના સમયે ખાસ ધ્યાન રાખી શકે જેનાથી ચોરીનો બનાવ બનતાં અટકાવી શકાય.» વી. એ. રાણા, ઇન્ચાર્જ પીએસઆઇ, નબીપુર .

**DATE: 26/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ગુનાહિત પ્રવૃતિઓ રોકવા માટે કાર્યવાહી

# અંકલેશ્વરની ચોકડીઓ પર પોલીસનું સઘન વાહન ચેકિંગ



ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરની પ્રતિન ચોકડી, વાલિયા ચોકડી સહીત વિવિધ વિસ્તારમાં ટુ વ્હીલર, ફોર વ્હિલ કાર સહીતના વાહનોનું ચેકિંગ કરવામાં આવ્યું હતું. ગુનાહિત પ્રવૃત્તિઓ પર અંકુશ મેળવવાના ઉદ્દેશ્ય સાથે કામગીરી કરવામાં આવી હતી.

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ દ્વારા ખાસ કરી પ્રતિન ચોકડી. વાલિયા ચોકડી સહીત વિવિધ વિસ્તારમાં પસાર થતા વાહન ચેક કરવામાં આવ્યા હતા. વાહનો માં કોઈ ગુનાહિત પ્રવૃત્તિ કે શંકાસ્પદ જથ્થા ની હેરફેર થઇ નથી રહી તે સર્ચ કરવા વાહન તપાસ કરવામાં આવ્યા હતા. તેમજ પોલીસ દ્વારા વાહન ચાલકો ના આઈડી પ્રુફ થી લઈ વાહન ના દસ્તાવેજ સંબંધિત પણ તપાસ કરી હતી.

**DATE: 26/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# ચોરીની બાઈક સાથે બે જણા ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એ ડિવિઝન પોલીસની ટીમ જ્યોતિનગર પાસેથી ચોરી થયેલી બાઈક શોધવાના પ્રયાસમાં હતી. દરમિયાન વિશ્વાસ પ્રોજેક્ટ હેઠળ લગાવેલાં સીસીટીવી ફૂટેજના આધારે શિલત સર્કલ પાસેથી ગુલામ જાવીદ ગુલામગોસ શેખ (રહે. મારીવાડ) મુનાજીરહસન નબીહસન શેખ (રહે. મુલતાનીવાડ) ને ચોરીની બાઈક સાથે ઝડપી પાડ્યાં હતાં. તેમની પાસેથી ટીમે ચોરીની બાઈક તેમજ ચોરી માટે વાપેરલી બાઈક જપ્ત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 26/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### અંકલેશ્વરના ભંગારના વેપારી સામે ગુનો નોંધાયો

# ભાણેજ સાથે દુષ્કર્મ કરનાર મામાએ એક્ટિવા વેચી માર્યું

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં ગત 20 એપ્રિલ ના રોજ જીઆઈડીસી પોલીસ મથકે સગી ભાણેજને એક્ટીવા શીખવાના બહાને લઈજઈ ઝાડીઝાંખરામાંદુષ્ક ર્મ કરી ગર્ભવતી બનાવનાર મામા સામે ફરિયાદ થઈ હતી. આ કેસની તપાસ ચાલી રહેલી પોલીસે આરોપી જે એકટીવા લઈને જતો હતો તેની શોધખોળ આદરી હતી. જેમાં આરોપી જીતેન્દ્ર ભગત ( કુશવાહા ) ભાણેજ સાથે દુષ્કર્મ આચર્યાબાદ થોડા સમય માંએક્ટીવાને ગાર્ડનસીટી રોડ પર આવેલ શિવ શક્તિ પસ્તી ભંડારમાં માત્ર 1800 રૂપિયામાં ભાવે વેચી માર્યું હતું. વેપારી આરોપીને ઓળખતો હોવાથી માત્ર આધારકાર્ડ સિવાય અન્ય કોઈ લખાણ કે દસ્તાવેજ લીધો ન હતો. વેપારીએ એકટીવા અંસાર માર્કેટમાં સઈદ ભંગારીયાને વેચી નાંખી હતી. જ્યાંથી આ એકટીવા શંભુ રાવલજીએ ખાલસા કરેલા વાહનોના નિયમોનો ભંગ કરીને આરોપી જીતેન્દ્ર પાસેથીખાલસા કર્યા વિના કે દસ્તાવેજી પુરાવા વગર લઈ એકટીવા લીધું હોવાનું બહાર આવતાં પોલીસે ભંગારના વેપારી શંભુ રાવલ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઘટના બાદ ભંગારીયાઓમાં ફફડાટ ફેલાયેલો જોવા મળી રહયો છે.

**DATE: 26/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–03**

### ભંગાર ભરેલી પિકઅપ બોલેરોસાથે પોલીસે 3ની અટકાયત કરી

# અંકલેશ્વર સુરતી ભાગોળ નજીક 1715 કિલો ભંગારનો જથ્થો જપ્ત

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વર શહેર પોલીસ ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન સુરતી ભાગોળ રોડ પર ભંગાર નો જથ્થો લઈ પસાર થતી બોલેરો પિકઅપ ગાડીને શંકા ના આધારે રોકી પોલીસે તપાસ કરતા અંદર થી ભંગારનો જથ્થો મળી આવ્યો હતો. આ જથ્થો દાતાર નગર ખાતે આવેલ ભંગારના ગોડાઉન ખાતે લઈ જતા હતા. ભંગાર ના જથ્થા અંગે પીકઅપ ગાડી માં રહેલા ઈસમો પાસ જરૂરી બિલ પાસ પરવાનો અને જી.એસ.ટી નંબર માંગતા ત્રણેવ ઈસમો ગલ્લા-તલ્લાકરવા લાગ્યા હતા. જે આધારે ભંગાર નો જથ્થો ચોરી અથવા છળકપટ થી મેળવી ને વેચવા આવી રહ્યા હોવાની શંકા આધારે પોલીસે પિકઅપગાડી માં રહેલ1715 કિલો ભંગાર નો જથ્થો કિંમત રૂપિયા 51450 રૂપિયા તેમજ બોલેરો પીકઅપ કિંમત રૂપિયા 2 લાખ મળી કુલ 2.51.450 રૂપિયા નો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો હતો

**DATE: 26/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### પથિક સોફ્ટવેરના સંદર્ભમાં પોલીસની તપાસ

# વાગરા નગરના શિલ્પી ગેસ્ટ હાઉસના મેનેજર સામે ગુનો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ગુજરાત પોલીસ દ્વારા અસમાજિક તત્વો પર અંકુશ લાવી શકાય તેમજ ગુનાઈતકૃત્ય કરીને કે પણી કોઈ ગુનો આચરવા માટે કોઈ હોટલ-ગેસ્ટહાઉસ કે ધર્મશાળા સહિતના આશ્રય સ્થાનોમાં રોકાયાં હોય તો તેમની માહિતી તુરંત પોલીસને મળે તે માટે ખાસ સોફ્ટવેર તૈયાર કરાયું છે. જેને પ્રોગ્રામ ફોર એનાલીસીસ ઓફ ટ્રાવેલર એન્ડ હોટલ ઈન્ફોર્મેટીક એટલે કે પથીક સોફ્ટવેર નામ આપ્યું છે. પોલીસ વિભાગ દ્વારા દરેક આશ્રયસ્થાનોના સંચાલકોને તે સોફ્ટવેર તેમના કોમ્પ્યુટરમાં રાખવા સાથ તેમાં મુસાફરોની નોંધણી ફરજિયાત કરવાની સુચના આપી છે. ત્યારે ભરૂચ એસઓજીના પીએસઆઈ આર. એલ. ખટાણા તેમજ તેમની ટીમ શહેર જિલ્લાની હોટલોમાં ખાસ ચેકિંગમાં હતી. તે વેળાં વાગરા ખાતે આવેલી શિલ્પી ગેસ્ટ હાઉસમાં તપાસ કરતાં સંચાલક ઈમરાન ઈબ્રાહિમ પટેલ (રહે. અસ્માપાર્ક, વાગરા) એ તેમના કોમ્પ્યુટરમાં સોફ્ટવેર ઈન્સ્ટોલ કર્યું ન હોવાનું ધ્યાનમાં આવતાં ટીમે તેની સામે જાહેરનામા ભંગનો ગુનો વાગરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

**DATE: 26/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### દારૂ સહિત 72 હજારનો મુદ્દામાલ જપ્ત

# ટ્રેનમાં લાવેલાં દારૂની હેરાફેરી કરતાં 4 ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના બરાનપુરા રેલવેના પાટા પાસે શહેરના બરાનપુરા ખત્રીવાડ ખાતે રહેતાં કુખ્યાત બુટલેગર જીતેન્દ્ર ઉર્ફે જીતુ ખત્રીએ વિદેશીદારૂ મંગવ્યો હોવાનું તેમજ તે દારૂ તેનો સાગરિત રેલવે સ્ટેશન તરફથી લાવવાનો હોવાની બાતમીના આધારે ભરૂચ એ ડિવિઝન પોલીસે વોચ ગોઠવી હતી. દરમિયાનમાં એક મોપેડ પર જીતુ ખત્રી તેમજ તેનો સાગરિત જનક શ્યામસિંગ ઠાકોર ત્યાં આવતાં પોલીસે તેમને ઝડપી પાડ્યાં હતાં. તેમની પાસેથી બેગ તપાસતાં તેમા વિદેશીદારૂની કુલ 22 હજારની મત્તાની નાની-મોટી 102 બોટલો મળી આવી હતી. દારૂ ક્યાંથી લાવ્યો તે અંગેની પ્રાથમિક પુછપરછમાં તેણે કબુલ્યું હતું કે, થોડીવાર પહેલાં બરાનપુરાનો જ મહેન્દ્ર વસાવા મુંબઈથી ટ્રેનમાં દારૂ લાવ્યો હોઈ તે અને તેની સાથેનો મનોજ બચુ વસાવા તેને આપી ગયો હોવાનું કબુલ્યું હતું.

**DATE: 27/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### મરીન પોલીસે 1.54 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

# ઓપાલ કંપનીના ગેટ પર જુગાર રમતાં 6 ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

દહેજ મરીન પોલીસ મથકની ટીમને ચોક્કસ બાતમી મળી કે, અંભેટા ગામે આવેલી ઓપાલ કંપનીના 4 નંબરના ગેટ પાસે કેટલાંક શખ્સોએ જુગારની મહેફીલ જમાવી છે. જેના પગલે ટીમે મળસ્કે 5.30 વાગ્યે દરોડો પાડ્યો હતો. પોલીસની રેડ પડતાં જુગારિયાઓમાં દોડધામ મચી હતી. જોકે, ટીમે જુગાર રમતાં યોગેન્દ્રસિંહ સોલંકી, રમેશ ગોહિલ, પ્રકાશ મકવાણા, સંજય રમેશ નાયક, રમેશ મકવાણા તેમજ રમણ પરમારને ઝડપી પાડી તેમની પાસેથી દાવ પર લાગેલાં તેમજ અંગઝડતીના કુલ 28 હજાર રૂપિયા રોકડા તેમજ પાંચ બાઈક તથા 4 મોબાઈલ મળી કુલ 1.54 લાખની મત્તાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ટીમે દહેજ મરીન પોલીસ મથકે તમામ જુગારિયાઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 27/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ભરૂચ જિલ્લાના દહેજથી ભરાયેલું ભંગાર ચોરીનું હોવાની પ્રબળ આશંકા

# દહેગામ નજીકથી 1,700 કિલોથી વધુ ભંગાર સાથે બે ઈસમોની અટકાયત

ભાસ્કરન્યૂઝ | ભરૂચ



ભરૂચ એલસીબીના પીઆઈ ઉત્સવ બારોટના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં બનતાં મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા તેમજ શોધી કાઢવા અલગ અલગ ટીમો બનાવાઈ છે. દરમિયાનમાં પીએસઆઈ આર. કે. ટોરાણીને ચોક્કસ બાતમી મળી હતી કે, એક આયશર ટેમ્પો દહેજથી શંકાસ્પદ ભંગારનો જથ્થો ભરીને ભરૂચ આવી રહ્યો છે. જેના પગલે ટીમે દહેગામ પાસે વોચ ગોઠવી ટેમ્પો ઝડપી પાડ્યો હતો. ટેમ્પોમાં કુલ 51 હજારથી વધુની મત્તાનો 1700થી વધુ કીલોનો ભંગારનો જથ્થો મળ્યો હતો. ટેમ્પોમાં પકડાયેલાં સાહીલ કૈયુમ દિવાન તેમજ વસીમ ઈબ્રાહીમ પઠાણને ભંગાર અંગેના તેમજ તેને વહન કરવાના દસ્તાવેજોની માંગણી કરતાં ઉપરાંત તેઓ ક્યાંથી ભંગાર લાવ્યા તે સહિતની પુછપરછ કરતાં તેમણે ગલ્લાતલ્લા કરતાં એલસીબીએ બન્ને વિરૂદ્ધ ભરૂચ તાલુકા પોલીસ મથકે 41 (1) હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભરૂચ જિલ્લામાંથી હાઈવે અને રેલ્વેના પ્રોજેક્ટ ચાલી રહયાં છે અને તેમાંથી ચોરીના બનાવો વધી રહયાં હોવાના કારણે પોલીસતંત્ર પણ સક્રિય બની ગયું છે.

**DATE: 27/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–02**

### પથિક સોફ્ટવેરમાં મુસાફરોની નોંધણી કરી નહિ

# દહેજની લેજન્ડ હોટલના સંચાલકની વિરૂદ્ધ ફરિયાદ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એસઓજીના પીએસઆઈ આર. એલ. ખટાણા તેમજ તેમની ટીમ દહેજ પંથકમાં અલગ અલગ હોટલોમાં ચેકિંગ હાથ ધર્યું હતું. દરમિયાનમાં રીલાયન્સ પેટ્રોપંપ પાસે આવેલી ધી લેજન્ડ રસીડન્સી હોટલમાં તેમણે ચેકિંગ કરતાં હોટલના રીસેપ્શન કાઉન્ટર પર હોટલમાં રોકાયેલાં લોકોની વિગતનું 1 એપ્રીલથી 25 મે સુધીનું રજીસ્ટર નિભાવેલું જણાયું હતું. જોકે, ટીમ દ્વારા બાદમાં તેમના કોમ્પ્યુટરમાં ઈન્સ્ટોલ કરાયેલાં પથિક સોફ્ટવેરમાં ચેકીંગ કરતાં હોટલમાં રોકાયેલાં કુલ 342 મુસાફરોને બદલે હોટલ સંચાલક મોહમદ ઈરફાન મોમીન (રહે. જોલવા, વાગરા) એ 308 મુસાફરોની જ નોંધણી કરી હોવાનું માલુમ પડ્યું હતું. બનાવ સંદર્ભે તેમણે દહેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 27/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# માંડવા ગામમાં જુગાર રમાડતો એક ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર પોલીસનો સ્ટાફ માંડવા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો તે દરમિયાનમાહિતી મળી હતી. કે માંડવાના દુર્લભ ટેકરી ખાતે આંક ફરકનો મોટાપાયે જુગાર રમાઈ રહ્યો છે. જે આધારે દરોડા પાડ્યા હતા જ્યાં જુગાર રમાડતા મસ્જિદ ફળીયાના નસરુદ્દીન ગરાસિયા નામમો આડેધ ઝડપાઈ જવા પામ્યો હતો. પોલીસે તેની પાસે થી આંક ફરક રમવા ના જુગાર ના સાધનો મળી કુલ 2000 ઉપરાંત ની રોકડ જપ્ત કરી હતી

**DATE: 27/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–02**

### પિકઅપ ગાડીમાં જથ્થો સંતાડવામાં આવ્યો હતો

# પાનોલી પાસે હોટલ પરથી ભંગાર સાથે ત્રણ ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબીને પાનોલી નજીક નેશનલ હાઈવે નંબર 48 પર આવેલ દયાવાન ઢાબા નજીક જાહેરમાં પિકઅપ બોલેરો ગાડીમાં શંકાસ્પદ કોપર નો જથ્થો સંતાડ્યો છે.

જે આધારે પોલીસે દરોડા પાડતાકોપર નટ, બોલ્ટ, અને લોખંડ ના સળિયા, એસ.એસ. એંગલ નો જથ્થા સાથે3 ઈસમ મળી આવ્યા છે. ઢાબાની બાજુમાં ઓરડીમાં રહેતાં અનિરુદ્ધ વિશ્વકર્મા, ભોલેસીંગ અને જટાશંકર તિવારી પાસે જથ્થા અંગે જરૂરી આધાર પુરાવા માંગતા તે ગલ્લા તલ્લા કરવા લાગ્યા હતાં. જેથી શંકા આધારે પોલીસે ત્રણેયની અટક કરી હતી તેમજ 1735 કિલો નો લોખંડ નો જથ્થો 39 હજાર રૂપિયા તેમજ 2 લાખની બોલેરો પીક અપ ગાડી મળી 2.63 લાખનો રૂપિયા નો મુદ્દામાલ 41 (1) ડી મુજબ જપ્ત કરી પાનોલી પોલીસ મથકે ગુનો નોંધાવી વધુ તપાસ આરંભી હતી.

**DATE: 28/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# અંકલેશ્વરમાં પ્લાસ્ટિકના બેરલની આડમાં કોપરના જથ્થાની હેરાફેરી



**ટેમ્પો** માલિક સહિત 5 લોકોની કુલ 8.14 લાખના મુદ્દામાલ સાથે અટકાયત

ભરૂચ: અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસે મુક્તિ ચોકડી પાસેથી પ્લાસ્ટિકના બેરલની આડમાં લઈ જવાતો 5 લાખનો કોપરનો જથ્થો મળી કુલ 8.14 લાખથી વધુના મુદ્દામાલ સાથે પાંચ ઈસમને ઝડપી પાડ્યા હતા.

અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસમથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. એ દરમિયાન મુક્તિ ચોકડી પાસે ટેમ્પો નં.(જીજે-16-એવી-9022) રામદેવ ચોકડી તરફ જઈ રહ્યો હતો. જેને ટેમ્પોને અટકાવી તલાશી લીધી હતી. ટેમ્પોમાંથી નાના-મોટા 396 ખાલી કારબા મળી આવ્યા હતા. જેની નીચે પ્લાસ્ટિક ઢાંકવામાં આવ્યું હતું. જે દૂર કરાતાં પ્લાસ્ટિકની 21 બેગ મળી આવી હતી. જે બેગો ખોલતાં તેમાંથી કોપરના ટુકડા મળી આવ્યા હતા.

આ અંગે પૂછપરછ કરતાં તથા તેના કાગળિયા માંગતાં કોપર અંગે ટેમ્પોમાં બેઠેલા પાંચ ઈસમ કોઈ આધાર પુરાવા રજૂ કરી શક્યા ન હતા. જેથી જીઆઈડીસી પોલીસે 5 લાખની કિંમતના 910 કિલો કોપર ટુકડા, 396 કારબા અને ટેમ્પો મળી કુલ રૂ.8.14 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. તથા આ કામના આરોપીઓ પૈકી ભડકોદ્રા ગોડાઉન ધરાવતા સુરેશ અવધરામ યાદવ, દ્વારકા મોલહુ યાદવ, લવકુશ પાસવાન, સરોજ બબન વિશ્વકર્મા તેમજ ટેમ્પો ચાલક ઈસ્લામ સોક્ત અંસારી, (ભડકોદ્રા) આમ પાંચેય આરોપીઓની અટકાયત કરી આગળની તપાસ હાથ ધરી હતી.

**DATE: 28/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# રાજપારડી નજીક પશુઓ ભરેલો ટેમ્પો પલટી ગયો




ઝઘડિયા: ભરૂચના ઝઘડિયાના રાજપારડી નજીક એક ટેમ્પો પલટી મારી ગયો હતો. ટેમ્પોમાં ૯ જેટલાં પશુ ભરીને લઇ જવાતાં હતાં. આ ઘટના સંદર્ભે રાજપારડી પીએસઆઇ પ્રજાપતિએ જણાવ્યું કે, આ ટેમ્પો રાજપારડી તરફથી ભાલોદ તરફ જઇ રહ્યો હતો. દરમિયાન આ ટેમ્પો રાજપારડીના ખાડી ફળિયા નજીક રોડ પર પલટી મારી જતાં અકસ્માત સર્જાયો હતો. અકસ્માતની જાણ થતાં પોલીસે ઘટના સ્થળે જઇને તપાસ કરતાં આ ટેમ્પો નવ જેટલા પશુઓ ભરીને જઇ રહ્યો હોવાની જાણ થઇ હતી. આ પશુઓમાં ગૌધન અને ગૌમાતા મળી કુલ ૯ જેટલાં પશુ ભરીને લઇ જવાતાં હતાં, જેમાં બે ગાયને ઇજા થઇ હોવાનું જણાયું હતું. અકસ્માત બાદ ટેમ્પોચાલક તેનું વાહન સ્થળ ઉપર છોડીને ભાગી ગયો હતો. આ પશુઓ ક્યાંથી અને ક્યાં લઇ જવાનાં હતાં એ બાબતે પોલીસે તપાસ હાથ ધરી રહી છે. પોલીસે આ સંદર્ભે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી કરવા તેમજ વાહન સ્થળ ઉપર મૂકીને નાસી છૂટેલા ટેમ્પોચાલકને શોધી કાઢવા કવાયત હાથ ધરી છે.

**DATE: 28/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–02**

# અંકલેશ્વરમાંથી વિદેશી દારૂ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

મોતાલી ગામના પાટિયા નજીક આવેલ ગિરિરાજ સોસાયટીમાં મકાન નંબર 109માં મોટાપાયે દારૂ નો વેપલો ચાલી રહ્યો હોવાની માહિતી પોલીસને મળી હતી જેથી પોલીસે દરોડો પાડયો હતો. જેમાં રાધેશ્યામ બિશ્નોઈને દારૂની અલગ અલગ બ્રાંડની બોટલો સાથે ઝડપી પાડયો હતો.પોલીસે બુટલેગરની ધરપકડ કરી દારૂ નો જથ્થો ક્યાંથી અને કોની પાસેથી લાવ્યો તે અંગે વધુ પૂછપરછ આરંભતા બીજા નામો પણ ખુલશે.

**DATE: 28/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–02**

# પાલેજમાં પોલીસ વિભાગે જનજાગૃતિ અંગે સેમીનાર યોજયો



ભરૂચ । ટંકારીઆ ગામે પંચાયત ભવનમાં પાલેજ પી. આઈ. શિલ્પા દેસાઈની અધ્યક્ષતામાં જનજાગૃતિનો સેમિનાર યોજવામાં આવ્યો હતો. હાલમાં ઘરફોડ ચોરીના બનાવો છાશવારે બનતા હોય જેની જાગૃતિ માટે આ સેમિનાર યોજવામાં આવ્યો હતો. પીઆઈએ જણાવ્યું હતું કે, પોલીસ ડિપાર્ટમેન્ટ તો સાવધાન છે જ છતાં નાગરિકોએ સતર્ક રહેવાની જરૂર છે. આ ઉપરાંત એમને બહારથી આવી વસેલા ભાડુઆતોની વિસ્તૃત માહિતી પણ પંચાયતમાં તથા પાલેજ પોલીસ સ્ટેશનમાં આપવા તેમણે અપીલ કરી હતી. ચોરી તથા અન્ય બનાવો રોકવા માટે માર્ગદર્શન આપ્યું હતું.